ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી



વર્ષ : ૩
વર્ષ અંક : ૭
સળંગ અંક : ૧૯
સપ્ટેમ્બર : ૨૦૧૨

લવાજમ વિનાનું નિયતકાલીન માસિક

**સંપાદક**
મનીષ સુથાર
મદદનીશ શિક્ષક
શ્રી સમાદરા પ્રા.શાળા
તા.જિ:ખેડા
પિન.૩૮૭૧૨૦



'ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન'
(૧૮૮૮–૧૯૭૫)

**આ અંકના સૌજન્યદાતા**
શ્રી જે.એસ.ગોસ્વામી
લેકચરર,
જિ.શિક્ષણ અને તાલીમ ભવન,
કઠલાલ, જિ : ખેડા.
પીન.૩૮૭૬૩૦
મો.9898054787

## ૦ સાંકળિયું ૦

(૧) મારી વાત........................૨

(૨) આટલો સંદેશો.................૩

(૩) ચિત્રોની ભાષા .................૭

(૪) વિશેષદિનની ઊજવણી .......૮

(૫) આ માસના મહાનુભવો.....૧૧

(૬) આત્મકથાઓ.................૧૨

## ૦ શિક્ષકોને/વાચકોને ૦

૦ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

૦ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

૦ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

૦ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહીં.

૦ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

૦ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## ૦ મારી વાત...૦

**● મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર વંદન.'દીવાદાંડી'ના સપ્ટેમ્બર : ૨૦૧૨ના અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.મિત્રો સપ્ટેમ્બર માસ એટલે સમગ્ર શિક્ષણ અને શિક્ષક જગત માટે ગૌરવપૂર્ણ માસ.પાંચમી સપ્ટેમ્બર એટલે શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મદિન.આ દિવસને સમગ્ર દેશ શિક્ષક દિન તરીકે ઉજવે છે.મિત્રો આપણે તેમના આદર્શોનું આચરણ કરીએ.આપણા શિક્ષકત્વને ઉજાળીએ.તેમના વિચારોને અપનાવીએ અને એ રીતે એમને સાચી શ્રદ્ધાંજલી અર્પણ કરીએ.

'દીવાદાંડી' માસિકના માધ્યમથી શિક્ષકોને સીધું ઉપયોગી શૈક્ષણિક સાહિત્ય આપવાનો પ્રયત્ન કરતો રહ્યો છું.'દીવાદાંડી'ની સફળતામાં આપ સૌના આશીર્વાદ અને સહયોગ સાંપડતા રહ્યા છે.આપ સૌનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહયો છે.એ માટે આપનો આભારી પણ છું.

'દીવાદાંડી'ને વધુ ઉત્તમ બનાવવા સંદર્ભે આપના સૂચનો જણાવશો તો ગમશે..'દીવાદાંડી'ના માધ્યમથી પ્રાથમિક શિક્ષણ જગતને ઉપયોગી સાહિત્ય પહોંચાડશો તો ગમશે.આભારની લાગણી સહ...

**'મા તુજે સલામ'**

**– મનીષ સુથાર**

# ૦ આટલો સંદેશો ૦

**સૌ નાગરીકોને**
**બે હાથ જોડીને,**
**<u>આગ્રહભરી લાગણીસભર નમ્ર વિનંતી</u>**

દુનિયાના બધા ધર્મો,શાસ્ત્રો અને મહાપુરુષોએ કહ્યું છે કે આપણું કર્તવ્ય,જવાબદારી એ જ સૌથી મોટો ધર્મ છે.**WORK IS WORSHIP** શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે,"કર્મે કૌશલ્ય યોગ છે." દેશમાં **Work culture** એટલે કે **કામની સંસ્કૃતિનું** આપણે નિર્માણ કરીએ.

**જે પોતાના કામને પ્રેમ કરે છે,ભગવાન તેને પ્રેમ કરે છે.**આપણે કલાર્ક,કમિશનર,ડોકટર,વિદ્યાર્થી,શિક્ષક,ખેડૂત,દુકાનદાર,સૈનિક,સફાઈ કામદાર,કોઈ પણ હોઈએ,દરેક કર્મચારી અગત્યનો,જરૂરી અને મહાન છે.કોઈ પણ કામ અપવિત્ર,હલકું કે નાનું નથી.શ્રમનો કોઈ વિકલ્પ નથી,સિવાય કે અતિ કઠોર શ્રમ.

## કામ માત્ર પવિત્ર છે.

ઓફિસ,ફેકટરી,સ્કૂલ,હોસ્પિટલ,પોલીસ સ્ટેશન,ખેતર,હોટલ,દુકાનો તથા કામધંધાનું કોઈ પણ સ્થળ મંદિર,મસ્જિદ કે ચર્ચ છે.સાધના માટેનું કર્મ મંદિર છે.

આપણે ચોરી,ખૂન,બળાત્કાર,અત્યાચાર અને લૂંટને પાપ અને અધર્મ કહીએ છીએ ; પણ કામમાં ચોરી અને ભ્રષ્ટાચારને આપણે પાપ કે અધર્મ કહેતા નથી.એવા લોકોને ગુનેગાર અને પાપી ગણતા નથી.શિક્ષણમાં પણ તેનો સમાવેશ થતો નથી,તે આ દેશની કમનસીબી છે.ભ્રષ્ટાચાર અને કામચોરી ; સામાજિક,રાષ્ટ્રીય અને ધાર્મિક અપરાધ છે,અનીતિ છે,ગુનો છે,પાપ છે,ચારિત્ર્યનું અધઃપતન છે.આવું કરનારા સમાજના ગુનેગારો છે.

એને કારણે દેશમાં શિક્ષણ,આરોગ્ય,ન્યાય,કાયદા અને વ્યવસ્થા તથા પર્યાવરણ જેવા અનેક ક્ષેત્રોમાં ગંભીર સમસ્યા ઊભી થાય છે.સમાજની પ્રગતિ,ઉન્નતિ અને વિકાસમાં અનેક બાધાઓ ઉપસ્થિત થાય છે.ગરીબી,બેકારી અને મોંઘવારી વધે

છે.ગરીબો અને ધનવાનો વચ્ચે ખાઈ વધારે ઊંડી થતી જાય છે.તેને કારણે નકસલવાદ અને માઓવાદ ઊભા થાય છે.તેના પરિણામો નિર્દોષ જનતાએ ભોગવવાં પડે છે.

## વાહન હંકારનારે વિચારવાનું કે...<br>સલામતી મહત્વની છે કે સ્પીડ !

આપણા કામમાં આપણા સંસ્કારો,ચારિત્ર્ય,જ્ઞાન,અનુભવો,ભાવનાઓ,લાગણીઓ, દેશભકિત,માનવપ્રેમ, અને ધર્મ દેખાવા જોઈએ.આપણને **Job Satisfaction** મળવું જોઈએ.

આપણા કામને પ્રેમ કરીએ અને દિલથી ચાહીએ,એને માણીએ,એન્જોય કરીએ,તેની સાથે અંતરના તાર જોડીએ,તેને મિશન બનાવીએ,તેની સાથે કમિટમેન્ટ કરીએ,શ્રેષ્ઠ રીતે કરીએ,ઈમોશનલ એટેચમેન્ટથી કરીએ,એકરૂપ–એકરસ થઈને તન્મયતાથી,આત્મીયતાથી,સમર્પણ અને આપણાપણાના ભાવથી;ઉમંગ,આનંદ,શ્રદ્ધા અને આસ્થાથી કરીએ,પૂર્વ આયોજન સાથે,પ્રાયોરિટી નક્કી કરીને ટાઈમઅરાઉન્ડ પ્લાન બનાવીએ.

વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે જે માનવો નિષ્ઠા,પ્રામાણિકતા અને પરિશ્રમથી કામ કરે છે,તેમના મગજમાં ખાસ પ્રકારની કેમેસ્ટ્રી રચાય છે;અનેક રસો શ્રવે છે.એમનામાં આનંદ,ઉત્સાહ,સંતોષ,શાંતિ,સ્ફૂર્તિ,તાજગી,ચૈતન્ય અને હકારાત્મક વિચારો અને ઊર્જા નિર્માણ થાય છે.તેમને ગાઢ નિંદ્રા આવે છે,સારી ભૂખ લાગે છે અને ખોરાક વધે છે;મેમરી વધે છે,અનેકવિધ શકિતઓનું નિર્માણ થાય છે,યૌવન લાંબો સમય ટકે છે.તેમની પ્રગતિ,ઉન્નતિ અને વિકાસ થાય છે.તેમનું માનવજીવન સાર્થક થાય છે.આપણે વિધેયાત્મક અભિગમ અપનાવીએ.

## રસ્તો નહિ જડે,તો રસ્તો કરી જવાના,<br>થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના ?

ઉકરડામાંથી ખાતર બનાવવું કે ખાતરમાંથી ઉકરડો બનાવવો એ આપણા હાથમાં છે.તેનાથી વિપરીત ; રસ–રૂચિ અને મન વગર કામ કરવાથી માણસ ભય,કંટાળો અને ગુનાહિત માનસથી પીડાય છે.સતત ટેન્શનમાં રહે છે; મનોરોગી બને છે.બ્લડપ્રેશર,ડાયાબિટીશ,ડિપ્રેશન,અનિંદ્રા,હાર્ટએટેક જેવા રોગોથી પીડાય છે.જિંદગી

ભારરૂપ અને શ્રાપરૂપ લાગે છે.તેનો અંતરાત્મા ડંખતો રહે છે,કામમાં આનંદ આવતો નથી,તેથી વ્યસનમાં આનંદ શોધે છે,તમાકુ,સિગારેટ અને દારૂ જેવા વ્યસનોનો ભોગ બને છે.

દરેક કર્મચારી ભારતનો ભાગ્યવિધાતા છે.આપણે સૌ સૈનિકના જુસ્સાથી કાર્ય કરીએ,આપણે કર્મયોગી બનીએ.

**અંધકારને ધિક્કારવાની પ્રવૃત્તિમાં મંડી પડવાને બદલે,**
**એક નાનકડી મીણબત્તી તો પ્રગટાવીએ...**

આપણી પાસે પોતાનું કામ લઈને આવતા સૌ નાગરિકો સ્વતંત્ર ભારતના સન્માનનીય નાગરિકો છે.એમની સાથે આત્મીયતાનો વ્યવહાર કરીને એમના પ્રશ્નો,મુશ્કેલીઓ ઉકેલવામાં મદદ કરીએ.

અનૈતિક કે ગેરકાયદેસર કામ હોય તો સ્પષ્ટતાપૂર્વક ના પાડીએ,પણ સમજાવીને ;

**હું કયાં કહું છું આપની હા હોવી જોઈએ,**
**પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.**

યોગથી શરીરને સ્વસ્થ રાખીએ.

પાણી,વીજળી,જમીન,સ્ટેશનરી વગેરેનો સમજીને ઉપયોગ કરીએ,પર્યાવરણને રક્ષીએ.આવતી પેઢીઓનો પણ વિચાર કરીએ.કયાંયે જરાકે ભેળસેળ ના કરીએ.ન લાંચ આપીએ,ન લાંચ માંગીએ.અધિકાર માંગતા પહેલાં ફરજને યાદ કરીએ.કાયદાનું પાલન કરીએ.બધું જ સરકાર ઉપર ના છોડીએ.

## Our every action must be a piece of beauty,perfaction & truth.

## સ્વચ્છતા ત્યાં પ્રભુતા.

જીવનમાંથી થોડુંક **'હું'** અને **'મારું'** કાઢીને બીજાને ઉમેરીએ.

**'અબ તુમ્હારે હવાલે વતન સાથીયોં'** કહીને બલિદાન આપીને શહીદ થયેલાઓએ દેશને આઝાદી અપાવી છે.દેશ આપણને સોંપી ગયા છે.ચાલો આપણે દેશનું જતન કરીએ,શહીદોનાં સ્વપ્નાઓ પૂરાં કરીએ.આપણે સૌ ભારતમાતાના સંતાનો છીએ.ભગવાન શ્રીરામ,શ્રીકૃષ્ણ,મહાદેવજી,બુદ્ધ અને મહાવીર,ગુરુ નાનક,સ્વામી

વિવેકાનંદ અને શ્રી સ્વામીનારાયણ,વીર ભગતસિંહ,શ્રી ચંદ્રશેખર આઝાદ,ડો.આંબેડકર,મહાત્મા ગાંધીની મહાન પરંપરાના વંશજો છીએ.એમનું લોહી આપણી નસોમાં વહે છે.આપણામાં અપાર અને અનંત શકિતઓ પડેલી છે.એને ઓળખીએ અને જાગૃત કરીએ.આપણો જન્મ મહાન કાર્યો કરવા થયેલો છે.આપણું કામ પ્રામાણિકતા અને પરિશ્રમથી કરી,સૌથી છેવાડે રહેલા માણસનો સર્વાંગી વિકાસ સાધવામાં મદદરૂપ થઈએ.આપણો માનવજન્મ સાર્થક કરીએ.

આપણું નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વકનું કામ શહીદોને શ્રદ્ધાંજલિ છે.માતૃભૂમિની વંદના છે,દેશના વર્તમાન અને ભવિષ્યના નિર્માણ કરવાનો પુરુષાર્થ છે.દેશનો વિકાસ,ઉન્નતિ,પ્રગતિ સાધતા રહીએ,રામરાજય અને ગાંધીજીના ગ્રામ્ય સ્વરાજના સ્વપ્નાઓ સાકાર કરીએ,રાષ્ટ્રને સુજલામ–સુફલામ બનાવીએ.બંધારણના ઉદ્દેશ્યોને સાકાર કરીએ.આપણા આત્મા અને પરમાત્માને રાજી કરીએ.

આપણા ઉપર પરમેશ્વરનું,ઋષિમુનિઓ,શહીદો,માતા–પિતા,શિક્ષકો,સમગ્ર સમાજનું,દેશનું,પ્રાણીઓનું,પંખીઓનું,ધરતીમાતાનું,સમગ્ર કુદરતનું ઋણ છે ; ચાલો,એ ઋણ ફેડવા સતત મચી પડીએ.

**– "માનવતા" ઓગસ્ટ : ૨૦૧૨ના અંકમાં પ્રકાશિત થયેલ**
**શ્રી ચિનુભાઈ એન. પટેલના લેખમાંથી રૂપાંતરિત.**

**ગમતાનો કરીએ ગુલાલ**
**આ લેખને**
**સ્ટાફમાં વિતરણ કરીને,**
**મેગેઝિન વગેરેમાં પ્રકાશિત કરીને,**
**પ્રચાર કરવાની**
**વિનંતી સાથે...**

**–: લેખ સૌજન્ય :–**
**સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ**
રાજેન્દ્રનગર ચોકડી, જિ : સાબરકાંઠા, ૩૮૩ ૨૭૬.
ફોન નં. ( ૦૨૭૭૨) ૨૫૪૩૩૭ , ફેકસ : ( ૦૨૭૭૨ ) ૨૫૪૫૩૭.
E-mail : sahyogtrust@ymail.com

# ચિત્રોની ભાષા લેખાંક : ૨

૦ શ્રી વિનોદભાઈ પી. ત્રિવેદી,
મુખ્ય શિક્ષક,
દેવલિયા વર્ગ પ્રા.શાળા,
સી.આર.સી. નવી સુરેલી,
તા.શહેરા,જિ.પંચમહાલ.
(મો.) 7359369407

સારસ્વત મિત્રો ! ગત માસે લેખાંક : ૧ માં આપણે પાઠયપુસ્તકોમાં ચિત્રોની ઉપયોગિતાનું મહત્વ જોયું.ચાલો હવે આ ચિત્રોની ભાષા વિશે આગળ જોઈએ...

આપણા પાઠયપુસ્તકોમાંના ચિત્રો બાળકોને ચિત્રવર્ણન કરવાની સાથે રંગપૂરણીની પણ તકો પૂરી પાડે છે.જેથી બાળકને પોતાની કલ્પનાને આધારે રંગપૂરણી કરવાની તક મળે છે,સાથે તેના કલાવિશ્વ અને ભાવજગતને વિકાસ માટેનો અવકાશ મળી રહે છે.જેથી બાળકની કલ્પનાશકિત,સર્જનશકિત વિકસવાની સાથે ધ્યાન–એકાગ્રતા પણ વિકસે છે.અને આમ પાઠયપુસ્તકના હેતુઓની સિદ્ધિને ગતિ મળી રહે છે.અને આ ચિત્રો દ્વારા ઘણાબધા શૈક્ષણિક હેતુઓ સિદ્ધ કરી શકાય છે.વળી,આ પ્રક્રિયા મનોવૈજ્ઞાનિક પણ છે.

ચિત્રોના ઉપયોગથી દરેક વિષયને આવરી પણ લઈ શકાય છે.ઉદા. જયારે બાળક કોઈ પક્ષી કે ગ્લાસનું ચિત્ર દોરે છે ત્યારે તેમાંથી ગાણિતિક રેખાઓનો ખ્યાલ,વિજ્ઞાન અને ટેકનોલોજીમાં હવા અને પર્યાવરણનો ખ્યાલ,અંગ્રેજીમાં પ્યાલાને ગ્લાસ કહેવાય તવો ખ્યાલ આપી શકાય છે.તો વળી ચિત્રોનાં કટિંગ્ઝ કાપવાની પ્રવૃત્તિમાં બાળકોને કટર,બ્લેડ,કાતર જેવાં વિવિધ સાધનોનો ચોકસાઈપૂર્વક ઉપયોગ કરવાનું કૌશલ્ય કેળવાય છે.અને ચિત્રોની ક્રમશઃ ગોઠવણી કરવાની હોય ત્યારે તો તેને વિચાર અને ચિંતન કરવાનો પૂરતો અવકાશ મળી રહે છે.

વળી,ચિત્રો દોરવાની પ્રવૃત્તિ દ્વારા બાળકોનાં ટેરવાંને કેળવણી પણ મળે છે.જેથી બાળકોના અક્ષરો પણ સારા બનાવવાની તક ઊભી થાય છે.બિલકુલ સાહજિક રીતે આ સારા અક્ષરે લખવા માટેનું પાયાનું કામ શકય બને છે.

સારસ્વત મિત્રો,ગત લેખાંક : ૧ માં આપણે ચિત્રદર્શન,અવલોકન અને વર્ણન દ્વારા બાળકની મૌખિક અભિવ્યકિતના વિકાસની વાત કરી હતી અને આ લેખમાં ચિત્ર દોરવાની પ્રવૃત્તિ દ્વારા બાળકમાં વિવિધ કૌશલ્યોના વિકાસની શકયતાઓ જોઈ.આમ પાઠયપુસ્તકમાં મૂકવામાં આવતાં ચિત્રો ઘણા અંશે બાળકની વિવિધ શકિતઓને વિકસાવવામાં સહાયક બને છે.ચિત્રો શૈક્ષણિક પ્રક્રિયાને રસિક અને સરળ બનાવે છે.બસ જરૂર છે આપણા પ્રયત્નની...તો ચાલો ચિત્રોની ભાષાને આપણા શિક્ષણકાર્યમાં અપનાવીએ.

## ૦ વિશેષદિન ઉજવણી ૦

**૫ – સપ્ટેમ્બર**
**શિક્ષક દિન**



સમગ્ર માનવજાતના ઘડતરમાં શિક્ષણનો ફાળો ખૂબ મહત્વનો અને મોટો છે.શિક્ષણ સિવાય પ્રગતિ શકય નથી.શિક્ષણથી જ કોઈપણ રાષ્ટ્ર વિકાસ કરી શકે છે અને શિક્ષણ આપવાનું કામ કરે છે શિક્ષક.શિક્ષક ઘડતર,ચણતર અને સર્જનનું કામ કરે છે.

૫ મી સપ્ટેમ્બર એટલે શિક્ષક દિન.આ દિવસે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ થયો હતો.તેઓ શિક્ષક હોવા ઉપરાંત એક તત્વચિંતક પણ હતા.ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા શિક્ષક,કેળવણીકાર ભારતના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યા એ સમગ્ર શિક્ષણજગત માટે ગૌરવ લેવા જેવી વાત છે.

### •આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :

- તેમના જીવનકવન વિશેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.
- 'સ્વયં શિક્ષકદિન'ની ઉજવણી કરી શકાય.
- વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરી શકાય.
- 'જો હું શિક્ષક હોંઉ તો...' વિષય પર વકતૃત્વ સ્પર્ધા કે નિબંધ સ્પર્ધા યોજી શકાય.

---

**૧૧ – સપ્ટેમ્બર**
**વિનોબા ભાવે જન્મદિન**
**જન્મ : ૧૧.૦૯.૧૮૯૫**
**અવસાન : ૧૫.૧૧.૧૯૮૨**

ભારતના જાહેરજીવન સાથે સંકળાયેલી કેટલીક પ્રતિભાઓનાં નામ આજેપણ લોકહૈયે બિરાજમાન છે.આજેપણ લોકો હોંશે હોંશે જેમના જીવન અને કાર્યમાંથી પ્રેરણા લે છે એવી મહાન વ્યકિતઓમાં વિનોબાજીનું નામ ગૌરવભેર લઈ શકાય.ભારતના મહામાનવોની યાદીમાં વિનોબાજીનું નામ અદ્વિતીય છે.

- વિનોબા એટલે સંત.
- વિનોબા એટલે માનવતાવાદી.
- વિનોબા એટલે યુગપ્રવર્તક.
- વિનોબા એટલે 'ભૂદાનયજ્ઞ'ના પ્રણેતા.
- વિનોબા એટલે સાક્ષાત ગાંધી વિચારસરણીનું જીવતું જાગતું પ્રતિબિંબ.
- વિનોબા એટલે ગાંધીજીની પ્રતિકૃતિ
- વિનોબા એટલે એક સાધના.

## •આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :

- તેમના જીવનકવન વિશેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.
- ભૂદાન પ્રવૃત્તિ વિશે માહિતી એકઠી કરવી.
- વિનોબા અંગે લખાયેલાં પુસ્તકોનું વાંચન કરવું.
- સ્વરાજય અને સ્વદેશીના મહત્વની સમજ આપી શકાય.

**૨૩ – સપ્ટેમ્બર**
**શહીદ ભગતસિંહ જન્મજયંતિ**
**જન્મ : ૨૮.૦૯.૧૯૦૭**
**અવસાન : ૨૩.૦૩.૧૯૩૧**




આઝાદીના ઘડવૈયાઓમાં જેમનું નામ શિરમહોર છે એવા મહાન અને અજોડ ક્રાંતિકારી શહીદ ભગતસિંહને યાદ કરવા જ રહ્યા.'ઈન્કલાક ઝિંદાબાદ','મેરા રંગ દે બસંતી ચોલા' જેવી પંકિતઓ આપણે સાંભળીએ છીએ ત્યારે વીર ભગતસિંહનો ચહેરો આંખ સામે તરવરે છે.

ભગતસિંહનો જન્મ પંજાબના લાયલપુર ગામમાં થયો હતો.પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું.અંગ્રેજ સરકાર સામે નિર્ભયપણે લડી પોતાની શહીદી વહોરનાર આ યુવાન સપૂતને લાખ લાખ વંદન.

**●આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :**

- દેશભકિતગીત સ્પર્ધા યોજી શકાય.
- ભારતદેશના સપૂતોનાં ચિત્રો દોરવાં.ચિત્ર સ્પર્ધા રાખી શકાય.
- શહીદોનાં જીવનચરિત્રો કહી શકાય.
- અમર શહીદોનો હસ્તલિખિત અંક તૈયાર કરી શકાય.
- દેશભકિત ગીત અંક બનાવી શકાય.
- દેશભકિતને લગતાં નાટક ભજવી શકાય.

શાળાકીય પત્રકો,વિવિધ શૈક્ષણિક માહિતી,કાવ્યો અને બીજું ઘણું બધું શૈક્ષણિક સાહિત્ય મેળવવા અમરેલી જિલ્લાની પ્રા.શાળાના શિક્ષક શ્રી નરેશભાઈ દ્વારા ચલાવવામાં આવતી શૈક્ષણિક વેબસાઈટની મુલાકાત અવશ્ય લો.શ્રી નરેશભાઈને ખૂબ ખૂબ અભિનંદન.આ સાઈટ પરથી ઘણુંબધું શૈક્ષણિક સાહિત્ય ડાઉનલોડ પણ કરી શકાય છે. **shalashetu.co.in**

**E mail : nareshdhakecha@gmail.com**

# ○ આ માસના મહાનુભવો ○

| મહાનુભવ | ક્ષેત્ર | જન્મ | અવસાન |
|---|---|---|---|
| જુગતરામ દવે | સાહિત્ય / સેવા | 01.09.1892 | 1985 |
| નરસિંહરાવ દિવેટિયા | સાહિત્ય / સંગીત | 03.09.1869 | 14.01.1931 |
| દાદાભાઈ નવરોજી | સ્વાતંત્ર્ય ચળવળ | 04.09.1825 | 30.06.1917 |
| ઈલાબેન ભટ્ટ | સેવા | 06.09.1860 | 21.05.1835 |
| ડો.ચંદ્રશેખર રાધાકૃષ્ણરાવ | શિક્ષણ | 10.09.1920 | - |
| પરીક્ષિતલાલ મજુમદાર | સ્વાતંત્ર્ય ચળવળ / સેવા | 1921 | 12.09.1965 |
| કૃષ્ણલાલ શ્રીધરાણી | સાહિત્ય | 16.09.1911 | 09.01.1960 |
| પંડિત સાતવળેકરજી | ચિત્રકલા | 19.09.1869 | - |
| ઉછંગરાય ઢેબર | સેવા | 21.09.1905 | 1977 |
| માઈકલ ફેરાડે | વિજ્ઞાન | 22.09.1791 | 26.08.1867 |
| માદામ કામા | સ્વાતંત્ર્ય ચળવળ | 24.09.1861 | 12.08.1936 |
| મોરારી બાપુ | શિક્ષણ / ધર્મ / સેવા | 25.09.1946 | - |
| ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | શિક્ષણ / સેવા | 26.09.1820 | 1891 |
| ચિનુ મોદી | સાહિત્ય | 30.09.1939 | - |



# ○ મોરારિબાપુના મુખેથી...



- ત્રણ વસ્તુ હું શિક્ષણ વિશે કહી શકું,જે હું માનું છું.સૌથી પ્રથમ તો શિક્ષણ રક્ષણ આપતું હોવું જોઈએ.જે **'શિક્ષા'** સુરક્ષા ન આપી શકે એ શિક્ષા પછી ન્યાયાલયમાં શોભે,વિદ્યાલયમાં નહીં.સમાજમાં જે ઘટનાઓ બને છે તે જોતાં એમ લાગે છે કે શિક્ષણ રક્ષણ નથી આપી શક્યું.શિક્ષા સુરક્ષા ન આપી શકે તો પહેલું મારું એવું માનવું છે કે શિક્ષણ સુરક્ષા આપે તેવું હોવું જોઈએ.જેમ નાલંદા,તક્ષશિલા શિક્ષણકાર્ય સાથે રક્ષણ આપતી,એમાં માનવીના તન,મન અને શીલનું રક્ષણ થતું.એના બળની સુરક્ષા એ શિક્ષણનું એક અંગ હોવું જોઈએ.બીજું,શિક્ષણ પોષણ આપતું હોવું જોઈએ.શોષણ ન કરે.ત્રીજું ,ભાગવતનો શબ્દ લઈને કહું તો આ બન્ને ઘટના પ્રેમવીક્ષણ દ્વારા થવી જોઈએ.નહીંતર વિદ્યાનો છેદ ઊડી જાય છે.આ ત્રણ વસ્તુ જો આપણે સાચવી શકીએ તો મને એમ લાગે છે કે આપણે શિક્ષાને વિદ્યામાં પરિવર્તિત કરી શકીએ.
- શિક્ષણ એ ઘી છે,શિસ્ત એ દિવેટ છે અને નિશાળ એ આપણું કોડિયું છે. ( **મોરારિબાપુની શિક્ષણસંહિતામાંથી સાભાર...** )



## ૦ જાણીતી વ્યકિતઓની આત્મકથાઓ ૦



| | | | |
|---|---|---|---|
| મારી હકીકત | નર્મદ | લોંગ વોક ટુ ફ્રીડમ | નેલ્સન મંડેલા |
| અગનપંખ | ડો.અબ્દુલ કલામ | આઈ ડેર | કિરણ બેદી |
| સત્યના પ્રયોગો | મહાત્મા ગાધીજી | સન્ની ડેઝ | સુનીલ ગાવસ્કર |
| ડાઉન મેમરી લેન | મધર ટેરેસા | માય મ્યુઝિક,માય લાઈફ | પંડિત રવિશંકર |
| ધ તેન્ડુલકર ઓપ્સ | સચિન તેંન્ડુલકર | ધ ગોલ | મેજર ધ્યાનચંદ |
| મૂનવોક | માઈકલ જેકસન | માય ટાઈમ્સ | જે.પી.કૃપલાણી |
| એન ઓટોબાયોગ્રાફી | જવાહરલાલ નહેરુ | ગોલ્ડન ગર્લ | પી.ટી.ઉષા |
| માય કન્ટ્રી,માય લાઈફ | લાલકૃષ્ણ અડવાણી | આઈ ટુ હેડ અ ડ્રીમ | ડો.કુરિયન |
| ધ સ્ટોરી ઓફ માય લાઈફ | હેલન કેલર | રોમાન્સિંગ વિથ લાઈફ | દેવ આનંદ |
| ડ્રીમ્સ ફ્રોમ માય ફાધર | બરાક ઓબામા | તુર્ઝ–એ–જહાંગીરી | મોહંમદ જહાંગીર |
| સ્ટીલ રીડીંગ ખાન | શાહરૂખ ખાન | સ્ટ્રેટ ફ્રોમ ધ હાર્ટ | કપિલ દેવ |
| બ્રશિશ વિથ હિસ્ટ્રી | કે.કે.બિરલા | વાઈડ એંગલ | અનિલ કુંબલે |
| અ શોટ એટ હિસ્ટ્રી | અભિનવ બિન્દ્રા | ધ એકટ ઓફ લાઈફ | અમરીષ પુરી |
| મેન કેંફ | એડોલ્ફ હિટલર | અ ચેમ્પિયસ માઈન્ડ | પીટ સામ્પ્રાસ |


**પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન**

**મનીષ સુથાર**
**મદદનીશ શિક્ષક**
**પ્રાથમિક શાળા,સમાદરા.**
**તા.જિ : ખેડા.**
**પિન.૩૮૭૧૨૦**
**મો.૯૦૯૯૧૭૨૧૭૭**
e-mail:manishsuthar123@gmail.com


**TO.** **PRINTED METTER**

........................................................

........................................................

........................................................

........................................................

**PIN.** | | | | | | |


COMPOSED BY:Manish suthar,asst. teacher,prathmik shala samadara,ta & di:kheda